Issue No. : 6 |December Month


Team Achievers | Rotary District 3060 | UNITE FOR GOOD

# ROYAL RESONANCE

Club No. 82068 | RI District 3060 |Charter Date: 22nd April 2009
An Official Bulletin of Rotary Club of Bhavnagar Royal

- **Rtn. Francesco Arezzo** – Rotary International President
- **Rtn. Amardeep Singh Bunet** – District Governor
- **Rtn. Dr. S. A. Chauhan** – President
- **Rtn. Nirav Doshi** – Secretary
- **Rtn. Nirav Doshi** – Bulletin Editor
- **Rtn. Gaurav Rathod** – Design




ROTARY ROYAL
BOX CRICKET
SEASON 4.0

Adderess for Correspondance : Rtn. Vivek Shah, 118, Sagar Complex, Jashonath Chowk, Bhavnagar.
Phone : 9879 00 2192, 9825 46 6969 ■ We meet every Wednesday at Honest Restaurant, Waghawadi Road, Bhavnagar.

Rotary

# THE 4 WAY TEST

## The 4-way test of the things we think, say or do

1. Is it the TRUTH ?
2. Is it FAIR to all concerned ?
3. Will it build GOODWILL and BETTER FRIENDSHIP ?
4. Will it be BENEFICIAL to all concerned?

## जो हम सोचते है, कहते हैं, करते हैं, उनकी चतुर्मुखी कसौटी

१. क्या यह सत्य है ?

२. क्या यह सभी संबंधित के लिए उचित है ?

३. क्या यह सद्भावना, भाईचारा और मित्रता बढाती हैं ?

४. क्या यह सभी संबंधित के लिए लाभदायक है ?

## આપણે જે વિચારીએ છીએ, કહીએ છીએ, કે કરીએ છીએ, તેની ચતુર્વિધ કસૌટી

૧. શું તે સત્ય છે ?

૨. શું તે બધા સંબંધિત માટે ઉચિત છે ?

૩. શું તે શુભેચ્છા અને શ્રેષ્ઠ મૈત્રી બાંધી શકશે ?

૪. શું તે બધા સંબંધિત માટે લાભદાયી છે ?

# રોટરી રોયલ કોર્પોરેટ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ

જ્ઞાનમંજરી યુનિવર્સિટી ( GMIU)

રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા '' રોટરી રોયલ કોર્પોરેટ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન - ૪'' નું ભવ્ય આયોજન તા - ૨૦ અને ૨૧ ડિસેમ્બર ( શનિ - રવી) ના રોજ સ્થાનીક જ્ઞાનમંજરી યુનિવર્સિટી ( GMIU)ખાતે કરવામાં આવ્યું હતું.આ રોટરી રોયલ કોર્પોરેટ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ ના ઉદઘાટન પ્રસંગે વિવિધ આમંત્રીત મહેમાનો, ઉધોગપતિઓ, તથા શહેર ના અગ્રણીઓ એ હાજર રહી ટુર્નામેન્ટ ને ખુલી મૂકી હતી. રોટરી રોયલ કોર્પોરેટ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ માં ભાવનગર ની કુલ ૧૬ કોર્પોરેટ કંપનીઓ તથા સંસ્થાઓ એ પોતાની ટીમ ઉતારી ને ઉત્સાહભેર ભાગ લીધો હતો. રોટરી રોયલ કોર્પોરેટ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન ૪.૦ ના ટાઇટલ સ્પેન્સર તરીકે I & PCL રહ્યાં હતાં જ્યારે વેન્યુ પાર્ટનર તરીકે જ્ઞાનમંજરી યુનિવર્સિટી ( GMIU) રહ્યાં હતાં. સમગ્ર ટુર્નામેન્ટ ના સહયોગી ઓ તરીકે ચંદન સોલ્ટ, તંબોલી કાસ્ટીંગ, R.K. પોલો ગ્રીન્સ, સુપર કાસ્ટ,સ્માઈલીંગ સ્કૂપ, મારૂતિ પ્લાસ્ટો, ઓમકાર E bike, શ્રીનાથ ટાયર્સ, બંધન TMX, નગીનદાસ હીરાલાલ ભાયાણી કંપની, AKB બેકર્સ ક્લબ, રહ્યા હતા. સમગ્ર ટુર્નામેન્ટ ના હેલ્થ કેર પાર્ટનર રેડક્રોસ સોસાયટી હતા.




આ સાથે ફ્રી હિટ સ્પોન્સર '' શ્રીનાથ ટાયર્સ'' અને મેક્સ ઝોન ના સ્પેન્સર '' મારૂતિ પ્લાસ્ટો '' રહ્યાં હતાં. સમગ્ર ટુર્નામેન્ટ માં રીફ્રેશમેન્ટ ના સહયોગી ''સ્માઈલીંગ સ્કૂપ'' એ અદ્ભુત અને આકર્ષીત કામગીરી કરી હતી. ભાવનગર ની ૧૬ ટીમો સાથે આ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ ના પ્રથમ દિવસે લીગ મેચો નો પ્રારંભ થયો હતો જ્યારે બીજા દિવસે ક્વાટર ફાઈનલ, સેમી ફાઇનલ અને અંત માં રસાકસી ભરી ફાઇનલ મેચ યોજાઇ હતી. ફાઇનલ મેચ માં હાઈ વોલ્ટેજ મુકાબલો સ્ટીલ કાસ્ટ અને કેરીસિલ વચ્ચે યોજાઇ હતી જેમાં ભારે રોમાંચ બાદ કેરીસિલ એ જીત મેળવી ને સીઝન ૪.૦ નું ટાઈટલ પોતાના નામે કર્યું હતું. દરેક મેચ બાદ મેચ ના ''પ્લેયર ઓફ ધ મેચ'' ને એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા જ્યારે રનર અપ, બેસ્ટ બોલર ઓફ સીઝન, બેસ્ટ બેટ્સમેન ઓફ સીઝન તથા ટુર્નામેન્ટ ના વિજેતાઓ ને ટ્રોફી અને શિલ્ડ થી મહેમાનો ના હસ્તે સન્માનીત કરવામાં આવ્યા હતા. બને દિવસે મેચ જોવા માટે કુલ ૨૦૦૦ વધુ ક્રિકેટ પ્રેમીઓ હાજર રહી મેચ નો આનંદ લીધો હતો જ્યારે તમામ મેચો નું યુ ટ્યુબ લાઇવ પ્રસારણ ફોટો ક્લિક સ્ટુડિયો દ્વારા કરવામાં આવ્યું જેમાં પણ અંદાજીત ૩૦૦૦ લોકો એ મેચો નો આનંદ માણ્યો હતો. વધુ માં જણાવીએ તો સમગ્ર ટુર્નામેન્ટ માં સ્વાદિષ્ટ ભોજન (શિવાંગી કેટરિંગ) અધ્યતન બેઠક વ્યવસ્થા, GMIU નું સુંદર પરિસર અને વિશાળ પાર્કિંગ, અદ્ભુત લાઇટ અને સાઉન્ડ ( SID light) , લાઇવ સ્ટ્રીમિંગ અને કલાત્મક ફોટોગ્રાફી ( ફોટો ક્લિક સ્ટુડિયો), ચા - કોફી રીફ્રેશમેન્ટ ( smiling scup), ભવ્ય ડેકોરેશન અને રુનિંગ કોમેન્ટ્રી , વિગેરે વ્યવસ્થાઓ એ હાજર સર્વે ને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. આ વર્ષે પણ આ ટુર્નામેન્ટ દ્વારા રોટરી રોયલ ને ખૂબ જ સુંદર પબ્લીક ઈમેજ મળી હતી. અંત માં પ્રેસિડેન્ટ રો. શકીલ ભાઈ એ સમગ્ર રોટરી રોયલ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ ને સફળ બનાવવા બદલ ટાઈટલ સ્પેન્સર I&PCL તથા Venue પાર્ટનર GMIU અને તદ્ ઉપરાંત તમામ સહયોગીઓ, તમામ ટીમો, ફોટો ક્લિક સ્ટુડિયો, મહાવીર મંડપ, sid લાઈટ્સ, શિવાંગી કેટરિંગ, GMIU સ્ટાફ અને મેનેજમેન્ટ, અને સર્વે ક્લબ મેમ્બર્સ કે જેઓ એક યા બીજી રીતે મદદરૂપ થાય છે તે સર્વે નો આભાર વ્યક્ત કર્યો હતો.

# રોટરી રોયલ કોર્પોરેટ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ

જ્ઞાનમંજરી યુનિવર્સિટી ( GMIU)










# ઓપન ભાવનગર સીઝન બોલ T- 20 ક્રિકેટ ટુર્નામેન્ટ

ભાવનગર યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડ

રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા ભાવનગર શહેર માં " ઓપન ભાવનગર વ્હાઇટ લેધર બોલ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ" નું આયોજન તા - ૫, ૬, ૭ ડિસેમ્બર ના રોજ કરવામાં આવ્યું હતું.આ RPL-2025 ( ROTARY PRIMIUR LEAGUE) સીઝન બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ માં શહેર ની વિવિધ ટીમો ઓ એ ભાગ લીધો હતો. ભાવનગર માં વ્હાઇટ લેધર બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ નું આ પ્રથમ આયોજન સ્થાનીક મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. ત્રી દિવસીય આ ક્રિકેટ ટુર્નામેન્ટ માં લીગ મેચો, ક્વાટર ફાઈનલ અને સેમી ફાઇનલ અને અંત માં રવિવારે ફાઇનલ મેચ યોજવામાં આવી હતી અને ફાઇનલ મેચ માં ભાવનગર ની TOP EDGE ટીમ નો ભવ્ય વિજય થયો હતો. આ ટુર્નામેન્ટ જોવા માટે મોટી સંખ્યામાં માં ક્લબ મેમ્બર્સ તેમજ ભાવનગર ની ક્રિકેટ પ્રેમી જનતા હાજર રહી હતી તથા આ સમગ્ર ટુર્નામેન્ટ નું લાઇવ પ્રસારણ સોશિયલ મીડિયામાં અને યુ- ટ્યુબ માં કરવામાં આવ્યું હતું જેમાં અંદાજીત ૫૦૦ થી પણ વધુ લોકો એ ટુર્નામેન્ટ જોઈ હતી. ટુર્નામેન્ટ ના અંત માં વિવિધ કેટેગરી માં ઉભરતા ક્રિકેટરો ને મહેમાનો તથા અતિથિ વિશેષ ના વરદ્ હસ્તે ટ્રોફી, શીલ્ડ, અને અન્ય પુરસ્કારોથી સન્માનીત કરવામાં આવ્યા હતા.રોટરી રોયલ એ આ વર્ષે આ નવી શરૂવાત સાથે અનેક નવા ઉભરતા ક્રિકેટરો ની ઓળખ ભાવનગર માં કરાવી હતી. રોટરી રોયલ ના સ્પોર્ટ્સ ચેર રો.ડો. હર્ષવર્ધનસિંહ જાડેજા એ ટુર્નામેન્ટ સફળ બનવા માટે ભારે જહેમત ઉઠાવી હતી અને એક આદર્શ T- 20 સીઝન બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ ની શરૂવાત ભાવનગર માં કરાવી હતી. આ સમગ્ર ટુર્નામેન્ટ ના મુખ્ય સહયોગી તરીકે " ફ્રી હિટ ફેમિલી બોક્સ ક્રિકેટ"રહ્યા હતા . અંત માં ટુર્નામેન્ટ સફળ બનાવવા બદલ પ્રેસિડેન્ટ રો. ડો. શકીલભાઇ એ સમગ્ર ટુર્નામેન્ટ ના સહયોગી, સ્પોર્ટ્સ ચેર રો. ડો. જાડેજા તથા સર્વે મેમ્બર્સો નો આભાર વ્યક્ત કર્યો હતો.







DISEASE PREVENTION AND TREATMENT

# DENTAL, SKIN AND EYE CHECK UP CAMP

DISEASE PREVENTION AND TREATMENT

## અંકુર શાળા

રોટરી ક્લબ ઑફ ભાવનગર રોયલ દ્વારા તા - ૧૧ ડિસેમ્બર ને ગુરુવાર ના રોજ ભાવનગર ની વિશિષ્ટ બાળકો ( mentally retired) ની અંકુર શાળા ખાતે દાંત, આંખ અને ચામડી ના રોગ ના નિદાન અને માર્ગદર્શન મેડીકલ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેડીકલ કેમ્પ માં આપણી જ ક્લબ ના વિવિધ ડોક્ટરો ની ટીમ દ્વારા વિશિષ્ટ બાળકો ની આંખ , દાંત અને ચામડી ને લગતા રોગ ની ઊંડાણ પૂર્વક તપાસ , નિદાન અને જરૂરી માર્ગદર્શન આપવાં આવ્યું હતું અને જરૂરિયાતમંદ બાળકો ને આગળ ની સારવાર ની વ્યવસ્થા નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ મેડીકલ તપાસ અને નિદાન કેમ્પ માં અંકુર શાળા ના કુલ ૧૯૦ વિશિષ્ટ બાળકો ની તપાસ , નિદાન અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સાથે આ મેડીકલ કેમ્પ માં બાળકો ના સ્વાસ્થ્ય અને દાંત ની સારવાર ને અનુરૂપ ટુથ બ્રુસ અને ટૂથ પેસ્ટ આપવામાં આવી હતી. આપણી ક્લબ ના ડોક્ટરો માં ડો. કુનાલ નિર્મળ , ડો. વિવેક નિમ્બાર્ક, ડો. શકીલ ચૌહાણ , ડો. ધ્રુવી ગોહિલ એ હાજર રહીને કેમ્પ ને સફળ બનાવ્યો હતો. આ મેડીકલ કેમ્પ માં મોટી સંખ્યામાં ક્લબ મેમ્બર્સ ઓ એ હાજર રહી ને કેમ્પ માં સહકાર આપ્યો હતો. અંકુર શાળા ના ટ્રસ્ટી શ્રી ઓ એ આ ઉમદા કાર્ય બદલ રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ નો આભાર વ્યક્ત કર્યો હતો. સેવા ની સરવાણી ના રોટરી રોયલ ના આ કાર્ય માં સહયોગી સર્વે ડોક્ટર મિત્રો નો રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ આભાર વ્યક્ત કરે છે.











# હોમિયોપેથી સારવાર કેમ્પ

## વરતેજ કુમાર શાળા




તા - ૦૯/૧૨/૨૫ ને મંગળવાર ના રોજ Rotaract club of SWHMC અને રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ ના સંયુક્ત ઉપક્રમે તથા સ્વામી વિવેકાનંદ હોમિયોપેથી મેડીકલ કોલેજ ના સહયોગ થી વરતેજ કુમાર શાળા માં નિશુલ્ક સર્વ રોગ નિદાન - સારવાર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સર્વ રોગ હોમિયોપેથી સારવાર કેમ્પ માં તમામ પ્રકારના રોગો ને અનુરૂપ નિદાન નું અને સારવાર નું આયોજન કરવામાં આવ્યું હતું.આ સર્વ રોગ હોમિયોપેથી કેમ્પ માં જરૂરિયાતમંદ દર્દીઓ ને બ્લડ પ્રેશર અને બ્લડ સુગર ની તપાસ પણ કરી આપવા માં આવી હતી. આ સમગ્ર કેમ્પ માં જરૂરિયાતમંદ દર્દીઓ ને જરૂરી દવાઓ સ્વામી વિવેકાનંદ હોમિયોપેથી મેડીકલ કોલેજ ના સહયોગ થી પૂરી પાડવામાં આવી હતી અને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ નિશુલ્ક સર્વ રોગ હોમિયોપેથી સારવાર કેમ્પ માં વરતેજ તથા આજુ બાજુના વિસ્તારોના અંદાજીત ૧૩૮ દર્દીઓ એ લાભ લીધો હતો. આ તબક્કે કેમ્પ સફળ બનાવવા બદલ સ્વામી વિવેકાનંદ હોમિયોપેથી મેડીકલ કોલેજ નો આભાર વ્યક્ત કરવામાં આવે છે.

# SPEAKER MEETING

તા - ૧૭/૧૨/૨૫ ને બુધવારે રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા તદ્દન અલગ સ્પીકર મિટિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પીકર - મનોરંજન મિટિંગ માં જાદુગર - માઈન્ડ રીડર હિરેનભાઈ ખેરાલા ના મેજિક પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા તેમજ માઈન્ડ રિડિંગ એક્ટિવીટી દ્વારા હાજર સર્વે ને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. આ નવતર સ્પીકર મિટિંગ માં મોટી સંખ્યામાં માં ક્લબ મેમ્બર્સ હાજર રહ્યા હતા.





ચાલુ વર્ષે આપણી ક્લબ દ્વારા રેગ્યુલર ક્લબ મિટિંગ માં હાલ માં ચાલુ કરવામાં આવેલ " મેમ્બર્સ ટોક" શ્રેણી અંતર્ગત તા ૩૧ ડિસેમ્બર ના રોજ યોજાયેલ મિટિંગ માં ક્લબ મેમ્બર્સ રો. વંદિત મહેતા દ્વારા " Current Situation Of Sports in India" વિષય પર સુંદર અને જાણકારીસભર વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં માં ક્લબ મેમ્બર્સ ઓ હાજર રહી રો. વંદિત મહેતા ના વક્તવ્ય ને બિરદાવ્યું હતું.

# Birthday

## HAPPY BIRTHDAY

| | |
|---|---|
| Rtn. Swapnil Mehta | 02 Dec |
| Rtn. Amit Makwana | 08 Dec |
| Rtn. Gopal Parekh | 11 Dec |
| Rtn. Mukesh Chauhan | 13 Dec |
| Rtn. Trushar Shah | 14 Dec |
| Rtn. Dr. Maulik Parikh | 14 Dec |
| Rtn. Yash Shah | 20 Dec |
| Rtn. Ali Raza Varteji | 23 Dec |
| Rtn. Dr. Manish Vishnagara | 24 Dec |
| Rtn. Kevin Chapaneri | 31 Dec |





# Anniversary

## HAPPY ANNIVERSARY

| | |
|---|---|
| Rtn. Haresh Pandya | 03 Dec |
| Rtn. Abhay Shah | 03 Dec |
| Rtn. Mihir Maniyar | 03 Dec |
| Rtn. Ozas Rajyaguru | 03 Dec |
| Rtn. Dr. Nihar Puri | 04 Dec |
| Rtn. Amrish Pandit | 04 Dec |
| Rtn. Bhavin Shah | 06 Dec |
| Rtn. Sanjay Savani | 07 Dec |
| Rtn. Harikrishna Parekh | 07 Dec |
| Rtn. Vishal Bapodara | 08 Dec |
| Rtn. Yagnik Bhutaiya | 08 Dec |
| Rtn. Dr. Manish Vishnagara | 09 Dec |
| Rtn. Vivek Shah | 09 Dec |
| Rtn. Rushikesh Joshi | 09 Dec |
| Rtn. Dr. Maulik Parikh | 11 Dec |
| Rtn. Shyam Makati | 12 Dec |
| Rtn. Nirmit Upadhyay | 12 Dec |
| Rtn. Kalpesh Shah | 12 Dec |
| Rtn. Urvish Mulani | 14 Dec |
| Rtn. Brizrajsinh Zala | 14 Dec |
| Rtn. Bhadresh Anghan | 14 Dec |
| Rtn. Manish Dasadiya | 14 Dec |
| Rtn. Vimal Shah | 15 Dec |
| Rtn. Nilesh Mehta | 29 Dec |
| Rtn. Manthan Parekh | 29 Dec |

# Meetings

Date: 03-12-2025
Time: 08:30 pm
Place: Honest Restaurant
Regular Club Meeting





Date: 10-12-2025
Time: 08:30 pm
Place: Honest Restaurant
Regular Club Meeting

Date: 17-12-2025
Time: 08:30 pm
Place: Honest Restaurant
Speaker Meeting-Hirenbhai
Belief and Truth Behind Magic





Date: 27-11-2025
Time: 08:30 pm
Place: Honest Restaurant
Regular Club Meeting

Date: 31-12-2025
Time: 08:30 pm
Place: Hotel Basil Park
Regular Club Meeting
Members Talk (Sports) - Vandit Mehta



Team Achievers | Rotary District 3060 | UNITE FOR GOOD







YOKOHAMA
CLUB
NETWORK

SHREENATH
TYRES

NOW A MEMBER OF YOKOHAMA CLUB NETWORK

Venue : G/F 6, Sun Harmony, Opp. Shanti Jyot Flat,
Nr. Vadodariya Circle,Hill Drive, Bhavnagar. M. 94281 82224